# GUJARAT BILL NO. 9 OF 2019.

## THE CIGARETTES AND OTHER TOBACCO PRODUCTS (PROHIBITION OF ADVERTISEMENT AND REGULATION OF TRADE AND COMMERCE, PRODUCTION, SUPPLY AND DISTRIBUTION) (GUJARAT AMENDMENT) BILL, 2019.

## *A BILL*

*further to amend the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 in its application to the State of Gujarat.*

સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯ .

**સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૯.**

**ગુજરાત રાજયને લાગુ પડતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૩નો ૩૪મો.

**સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

૨. સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી ‘‘મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :-

‘‘(ગ-ક) ‘‘ઇલેક્ટ્રોનિક નિકોટિન ડિલિવરી સિસ્ટમ્સ (ENDS)" એટલે એવી ડિવાઇસીસ (ઉપકરણ) કે જે એરોસોલ ઉત્પન્ન કરવા માટે દ્રાવણને ગરમ કરે છે, જેમાં ફ્લેવર પણ સતત હોય છે, જે સામાન્યત: પ્રોપીલીન ગ્લાય કલર અને/અથવા ગ્લીસરીનમાં ઓગળે છે અને ઇલેક્ટ્રોનિક સિગારેટ, સૌથી સામાન્ય પ્રોટોટાઇપ એવી ડિવાઇસીસ ઇ-સિગારેટ, હીટ બર્ન-નોટ-ડિવાઇસીસ, વેપ, ઇ-શીશા, ઇ-નિકોટિન ફ્લેવર્ડ હુક્કા અને ગમે તે નામે ઓળખાતી તેના જેવી ડિવાઇસીસ કે જે તમાકુના પાન બાળતી નથી અથવા તેનો ઉપયોગ કરતી નથી, પણ દ્રાવણનું બાષ્પીકરણ કરે છે અને તેને વપરાશકાર શ્વાસમાં લે છે;”.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૪ખ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ક પછી, નીચેની કલમ દાખલ કરવી.-

ENDS અથવા ઇલેક્ટ્રોનિક સિગરેટ ઉપર પ્રતિબંધ.

“**૪ખ.** આ અધિનિયમમાં અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇપણ વ્યકિત પોતે અથવા કોઇ બીજી વ્યકિત વતી ઈલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ (ENDS) અથવા ઇલેક્ટ્રોનિક સિગારેટનું ઉત્પાદન, વેચાણ (ઓનલાઇન વેચાણ સહિત), વિતરણ, વેપાર, આયાત અથવા જાહેરાત કરશે નહિ.”.

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૧૩ખ દાખલ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ક પછી, નીચેની કલમ દાખલ કરવી :-

કબજે લેવાની સત્તા.

‘‘**૧૩ખ.** રાજય સરકારે અધિકૃત કરેલા સબ-ઇન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલિસ અધિકારીને એવું માનવા માટે કારણ હોય કે કલમ ૪ખ-ની જોગવાઇઓનું ઉલ્લંઘન થયું છે અથવા ઉલ્લંઘન થઇ રહયું છે, તો તેઓ ENDS અથવા ઇલેક્ટ્રોનિક સિગારેટની વિષયવસ્તુ અથવા સાધનો તરીકે વાપરવામાં આવતી કોઇ સાધનસામગ્રી અથવા ચીજવસ્તુને કબજે લઇ શકશે.".

સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૨૧ક નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧ક માં,-

(૧) ”કલમ ૪ક-ની જોગવાઇઓ” એ શબ્દો અને આંકડા અને અક્ષરને બદલે, ”કલમ ૪ક અથવા ૪ખ-ની જોગવાઇઓ” એ શબ્દો અને આંકડા અને અક્ષર મૂકવા;

(૨) હાંસિયાની નોંધમાં, “હુક્કા બાર” એ શબ્દ પછી, “અથવા ENDS અથવા ઇલેક્ટ્રોનિક સિગારેટનો ઉપયોગ કરીને” એ શબ્દો ઉમેરવા.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭ક-ને બદલે, નીચેની કલમ મૂકવી,- સન ૨૦૦૩ના ૩૪મા અધિનિયમની કલમ ૨૭ક બદલવા બાબત.

કલમો ૪ક અને ૪ખ હેઠળના ગુના પોલીસ અધિકારના હોવા બાબત. "**૨૭ક.** કલમો ૪ક અને ૪ખ હેઠળના ગુના પોલીસ અધિકારના ગણાશે.".

## ઉદ્દેશો અને કારણો

કેન્દ્ર સરકારે, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટની જાહેરખબર ઉપર પ્રતિબંધ મૂકવા અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ અધિનિયમિત કર્યો છે. બીજી બાબતોની સાથોસાથ, બાળકો અને યુવાન લોકોને તમાકુના સેવનના વ્યસની બનતા અટકાવવાનું સુનિશ્ચિત કરવા માટે, સભ્ય રાષ્ટ્રોને અનુરોધ કરતા વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૧૫મી મે, ૧૯૮૬ના રોજ પસાર કરેલા ઠરાવ અને ૧૭મી મે, ૧૯૯૦ના રોજ પસાર કરેલા બીજા ઠરાવના સંબંધમાં, સદરહુ અધિનિયમ અધિનિયમિત કરવામાં આવ્યો છે.

સમય જતાં તમાકુ અથવા નિકોટીનનો થોડો જથ્થો ધરાવતી તમાકુની અન્ય બનાવટોનું સેવન કરવા માટેની નવી અને ભિન્ન પદ્ધતિ પ્રચલિત થઈ રહી છે, જે તમામ ઉંમરની વ્યક્તિઓના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. હવે, અન્ન સુરક્ષા અને ધોરણ અધિનિયમ, ૨૦૦૬ના અન્ન સુરક્ષા અને ધોરણ (પ્રતિબંધ અને અન્ન સુરક્ષા અને ધોરણ) વિનિયમો, ૨૦૧૧ હેઠળ ઈલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમમાં સામેલ નિકોટીનને અથવા ઈલેક્ટ્રોનિક સિગારેટને ખાદ્ય પદાર્થ તરીકે ઉપયોગમાં લેવા માટે પ્રતિબંધિત ગણેલ છે અને પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ કરવામાં આવેલા જોખમી રસાયણનું ઉત્પાદન, સંગ્રહ અને આયાત નિયમો, ૧૯૮૯માં નિકોટીન અને નિકોટીન સલ્ફેટ બંનેને જોખમી રસાયણ તરીકે દર્શાવવામાં આવેલ છે. તે જ રીતે જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ હેઠળની અનુસૂચિમાં પણ નિકોટીનને જંતુનાશક તરીકે દર્શાવવામાં આવેલ છે અને ગ્લોબલ ટોબેકો એપિડેમિક, ૨૦૧૭ અંગેના વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ મોરેશિયસ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, કોરિયા (લોકશાહી લોકોના પ્રજાસત્તાક), શ્રીલંકા, થાઈલેન્ડ, બ્રાઝિલ, મેક્સિકો, ઉરુગ્વે, બહેરીન, ઈરાન, સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ અમીરાત વગેરે સહિતના ત્રીસ (૩૦) રાષ્ટ્રોની સરકારે, ઈલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ (ENDS) અસ્તિત્વમાં (અમલમાં) ન હોય, તો બાળકો, કિશોરો અને યુવાનો (અને સામાન્ય રીતે ધૂમ્રપાન ન કરનારાઓ), અપેક્ષિત દર કરતાં ઉંચા દરે ENDS મારફત નિકોટીનનું સેવન શરૂ કરશે અને એક વખત ENDS મારફત નિકોટીનના વ્યસની થઈ જાય, તો આવા બાળકો, કિશોરો

ધૂમ્રપાન તરફ વળી જાય તેવી સંભાવના છે. કેન્દ્ર સરકારે પણ, તમામ રાજ્યોને, તેમની હકૂમતમાં, ઇ-સિગારેટ, હીટ-નોટ-બર્ન ડિવાઇસીસ, વેપ, ઇ-શીશા, ઇ-નિકોટીન ફ્લેવર્ડ હુક્કા સહિતની કોઇ ઇલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ્સ (ENDS) અને નિકોટીન ડિલિવરી થઈ શકે તેવી તેના જેવી ડિવાઇસીસનું (ઓનલાઇન વેચાણ સહિત) વેચાણ કરવામાં ન આવે, ઉત્પાદન કરવામાં ન આવે, વિતરણ કરવામાં ન આવે, વેપાર કરવામાં ન આવે, આયાત કરવામાં ન આવે અને તેની જાહેરાત કરવામાં ન આવે તેવું સુનિશ્ચિત કરવા માટે, સહાયપાત્ર જૂથો પર વિશેષ ધ્યાન આપવા સહિત મોટા પાયે જાહેર આરોગ્યના હિતમાં અને ધૂમ્રપાન નહિ કરનારાઓ અને યુવાનો દ્વારા ENDSની શરૂઆત અટકાવવાના હેતુથી સલાહકારી સૂચના આપેલી છે અને તેથી ગુજરાત રાજ્યમાં ઉપર જણાવેલ ઈ-સિગારેટ સહિત ENDSનું નિયમન કરવાનું અને તેની ઉપર પ્રતિબંધ મૂકવાનું જરૂરી જણાયું છે.

ઉપર્યુક્ત હેતુ સિદ્ધ કરવા માટે, સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ સુધારવાનું ઈષ્ટ જણાયું છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સન ૨૦૦૩નો સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૨૭મી જૂન, ૨૦૧૯ **શ્રી પ્રદીપસિંહ જાડેજા.**

# પુરવણી

## સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર, વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ૩૪મા)માંથી ઉતારા.

-----------------------------------------------------------------------------

હુક્કા બાર ચલાવવા બદલ શિક્ષા.

**૨૧ક.** કોઇપણ વ્યકિત, કલમ ૪ક-ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે, તો તેને ત્રણ વર્ષ સુધીની, પણ એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની શિક્ષા થશે અને પચાસ હજાર રૂપિયા સુધીના, પણ વીસ હજાર રૂપિયા કરતાં ઓછી નહિ તેટલી દંડની શિક્ષા થશે.

કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગુનો હોવા બાબત.

**૨૭ક.** કલમ ૪ક હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯ .]

ગુજરાત રાજયને લાગુ પડતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રદીપસિંહ જાડેજા,

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી.]

**(**સન ૨૦૧૯ના જૂન મહિનાની ૨૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ**,**
સચિવ**,**
ગુજરાત વિધાનસભા.

**THE CIGARETTES AND OTHER TOBACCO PRODUCTS (PROHIBITION OF ADVERTISEMENT AND REGULATION OF TRADE AND COMMERCE, PRODUCTION, SUPPLY AND DISTRIBUTION) (GUJARAT AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 9 OF 2019.**

***A BILL***

*further to amend the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) (Gujarat Amendment) Act, 2019.

(2) It shall come into force at once.

**Amendment of section 3 of 34 of 2003.**

**2.** In the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 (hereinafter referred to as "the principal Act"), in section 3, after clause (c), the following clause shall be inserted, namely:- **34 of 2003.**

"(c-a) "Electronic Nicotine Delivery Systems (ENDS)" means the devices that heat a solution to create an aerosol, which frequently also contains flavours, usually dissolved into propylene Glycol and/or Glycerin and the Electronic cigarettes, the most common prototype, are devices like E-Cigarettes, Heat Not-Burn devices, Vape, E-Sheesha, E-Nicotine flavoured Hookah and the like devices by whatever name called, that do not burn or use tobacco leaves but instead vaporise a solution, which the user then inhales;".

**Insertion of new section 4B in 34 of 2003.**

**3.** In the principal Act, after section 4A, the following section shall be inserted, namely:-

**Prohibition on ENDS or Electronic Cigarettes.**

"**4B.** Notwithstanding anything contained in this Act or in any other law for the time being in force, no person shall, either on his own or on behalf of any other person, manufacture, sale (including online sale), distribute, trade, import or advertise Electronic Nicotine Delivery Systems (ENDS) or the Electronic Cigarettes.".

**Insertion of new section 13B in 34 of 2003.**

**4.** In the principal Act, after section 13A, the following section shall be inserted, namely:-

**Power to seize.**

"**13B.** If any police officer, not below the rank of a Sub-Inspector, authorised by the State Government, has reason to believe that the provisions of section 4B have been, or are being contravened, he may seize any material or article used as a subject or means of ENDS or Electronic Cigarettes.".

**Amendment of section 21A of 34 of 2003.**

**5.** In the principal Act, in section 21A,

(i) for the words, figure and letter "the provisions of section 4A", the words, figure and letters "the provisions of section 4A or 4B" shall be substituted;

(ii) in the marginal note, after the words "hookah bar", the words "or using ENDS or Electronic Cigarettes" shall be added.

**Substitution of section 27A of 34 of 2003.**

**6.** In the principal Act, for section 27A, the following section shall be substituted, namely :-

**Offences under sections 4A and 4B to be cognizable.**

"**27A.** Offences under sections 4A and 4B shall be cognizable.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The Central Government has enacted the Cigarettes and other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 to prohibit the advertisement of, and to provide for the regulation of trade and commerce in, and production, supply and distribution of, cigarettes and other tobacco products. The said Act is enacted in terms of the Resolution passed by World Health Organisation on the 15th May, 1986 and the another resolution passed on the 17th May, 1990 urging the Members States *inter alia* to protect children and young people from being addicted to the use of tobacco.

With the passage of time, new and varied system of consuming tobacco or the other tobacco products that have some amount of nicotine are coming into vogue which are harmful to the health and hygiene of the persons of all ages. Now nicotine which is involved in the Electronic Nicotine Delivery Systems or the Electronic Cigarettes is considered prohibited for use as a food item under Food Safety and Standards (Prohibition and Food Safety and Standards Regulations, 2011 of the Food Safety and Standards Act, 2006; and also both Nicotine and Nicotine Sulphate are listed as hazardous chemicals in the Manufacture, Storage and Import of Hazardous Chemical Rules, 1989 made under the Environment (Protection) Act, 1986; likewise, nicotine is also listed as an insecticide in the Schedule of insecticides under the Insecticide Act 1968, and as per the World Health Organization Report on the Global Tobacco Epidemic 2017, the Governments of thirty (30) countries including Mauritius, Australia, Singapore, Korea (Democratic People's Republicl, Sri Lanka, Thailand, Brazil, Mexico, Uruguay, Bahrain, Iran, Saudi Arabia, United Arab Emirates etc, have already banned Electronic Nicotine Delivery System (ENDS) in their countries considering the possibilities that children, adolescents & youth (and generally non-smokers) will initiate nicotine use through ENDS at a rate greater than expected if ENDS did not exist; and that, once addicted to nicotine

through ENDS, such children, adolescents are likely to switch to smoking. The Government of India has also issued advisory to all States to put a ban on in larger public health interest and in order to prevent the initiation of ENDS by non-smokers and youth with special attention to vulnerable groups, to ensure that any Electronic Nicotine Delivery Systems (ENDS) including e-Cigarettes, Heat-Not-Burn devices, Vape, e-Sheesha, e-Nicotine Flavoured Hookah, and the like devices that enable nicotine delivery are not sold (including online sale), manufactured, distributed, traded, imported and advertised in their jurisdictions, it is considered necessary to regulate and put a ban on the ENDS including e-cigarettes etc. mentioned above in the State of Gujarat.

In order to achieve the aforesaid purpose, it is considered expedient to amend the Cigarettes and other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003.

This Bill seeks to amend the said Central Act of 2003 to achieve the aforesaid object.

Dated the 27th June, 2019. **PRADEEPSINH JADAEJA.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE CIGARETTES AND OTHER TOBACCO PRODUCTS (PROHIBITION OF ADVERTISEMENT AND REGULATION OF TRADE AND COMMERCE, PRODUCTION, SUPPLY AND DISTRIBUTION) ACT, 2003.

**(34 of 2003)**

---

**Punishment for running hookah bar.**

**21A.** Whoever contravenes the provisions of section 4A shall be punishable with imprisonment which may extend to three years but which shall not be less than one year and with fine which may extend to fifty thousand rupees but which shall not be less than twenty thousand rupees.

**Offence under section 4A to be cognizable.**

**27A.** An offence under section 4A shall be cognizable.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 9 OF 2019.**

***A BILL***

*further to amend the Cigarettes and Other Tobacco Products (Prohibition of Advertisement and Regulation of Trade and Commerce, Production, Supply and Distribution) Act, 2003 in its application to the State of Gujarat.*

**[SHRI PRADEEPSINH JADEJA,**
**MINISTER OF STATE FOR HOME]**

**( As published in the Gujarat Government Gazette of the 27th June, 2019)**

**D.M.Patel,**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**